

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

અલક્ષ્મી - છળકપટ - દગાથી થાય પૈસો!
સ્વાર્થ - અનિતિ અને અત્યાચાર ખાય પૈસો !
ચંદન જેવાં હૈયામાં લગાડે લાહ્ય પૈસો,
ભૂલાવે ભાવ, બગાડે સ્વભાવ, હાય પૈસો.

**હાઈકુ**

થાય સાર્થક
ત્યાગ - સમર્પણથી -
જીવનહેતુ

ઘસાતાં રહો
જીંદગી ઓરશિયે
આપો સુગંધ

### ચિંતન

*ભ્રૂણદવા વેક્ષિતં ચૈવ, સંસ્પૃષ્ટં ચાપ્યુદક્યયા ।*
*પતત્રિણા અવલીઢં, ચ શૂના સંસ્પૃષ્ટમેવ ચ ॥*

ઉપરોક્ત શ્લોક મનુસ્મૃતિમાંથી લેવામાં આવેલ છે.

આજકાલ વિજ્ઞાનની સવલતોનો જીવનમાં દુરુપયોગ થાય છે. એમાનું એક છે. 'સોનોગ્રાફી' જેનો ઉપભોગ ગર્ભપાત અને ભ્રૂણ હત્યા માટે થાય છે. આપણા શાસ્ત્રોમાં 'ભ્રૂણહત્યા' એક મોટું પાપ છે. આમ પણ બધા ધર્મોની દ્રષ્ટિએ કોઈ જીવનો જીવવાનો કે અવતરવાનો હક્ક ઝૂંટવી લેવો એ હત્યા છે. હત્યા કરનારને અને કરાવનાર બધા ગુનેગાર છે. અહીં ડોક્ટરો માટે કહેવામાં આવ્યું છે કે -

'ગર્ભ હત્યા કરવાવાળાએ જોયેલું, રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કરેલું, પક્ષીએ ખાદેલું અને કૂતરાએ સ્પર્શ કરેલું અન્ન ખાવું નહીં.' વ્યવહારમાં રજસ્વલા સ્ત્રી, પક્ષી એ ખાધેલું અને લગભગ ઘરમાં ઘરની વ્યક્તિની જેમ રહેતા કૂતરા બાબત વિચારવાનું શક્ય જેવું જ એટલે એ બાબત વધારે વિશ્લેષણ કર્યા વિના ભ્રૂણ હત્યાની જ વાત કરીએ. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે જે પૈસા ખાતર, ભ્રૂણહત્યા જેવું મહાપાપ કરે છે આવા માણસ આવકાર્ય કરી કમાયેલા ધનથી જે અન્ન ખાય છે તે પણ તેની દુર્દશા જ લાવે છે. આવા માણસની જે અન્ન પર દ્રષ્ટિ પડી જાય તો એ અનન્ન પણ 'અભક્ષ્ય' થઈ જાય છે.

### સુવિચાર

- લક્ષ્ય કો પાને કે લિયે યદિ હમ તન, મન ઔર ધન લગા દેતે હૈ, તો કુંડકી કે સિતારે ભી અપની જગહ બદલ લેતે હૈ **- વસંત જૈન**
- પ્રત્યેક ધર્મની એક વિશિષ્ટતા હોય છે ઈસ્લામની વિશિષ્ટતા છે 'હયા' (શરમ) **- હદીસ બોધ**
- જેનામાં અભાવ નથી એનો જ પ્રભાવ પડતો હોય છે, અભાવ કે પ્રભાવ એ છેવટે તો સ્વભાવને જ પ્રગટ કરે છે **- ક્રિષ્નકાંત ઉનડકટ**
- આપણી અંદર જે 'કાયમી' છે એ જ એની ખાતરી છે **- બોધી વૃક્ષ**
- વિજેતા કામ કરતાં પહેલા ચિંતા કે વિચાર કરે છે પણ નિર્ણય લીધા પછી ચિંતામુક્ત થઈ આગળ વધે છે. તેના માર્ગમાં બીજા અનેક નિર્ણયો રાહ જોઈ ઊભા હોય છે **- સંત રોબિન**
- જે જ્ઞાન વર્તનમાં ના આવે તે જ્ઞાન જ નથી, અજ્ઞાન છે. જ્ઞાન હંમેશા વર્તનમાં આવે જ **- અખંડ આનંદ**
- આજનું ઔષધ : સૂકા ટોપરાને ખડી સાકર સાથે મેળવી ચાવી ચાવીને ખાવાથી હેડકી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શ્રીરામના જન્મના સમાચાર દશરથને મળ્યા ત્યારે તેમને અલૌકિક એવા બ્રહ્માનંદનો અનુભવ થયો. મહારાજ દશરથે પુરાણ કથાઓને કહેનારાને બોલાવ્યા અને એમને દાન આપ્યું. વેદપાઠી બ્રાહ્મણોને પમ એમને દાન આપ્યું. એમ અનેક વર્ણોને દાન આપ્યું. બન્યું એવું કે જે કથાકારોને દાન આપ્યું, એ દાન એ કથાકારે બીજા કથાકારને આપી દીધું. જે બ્રાહ્મણને ગાયોનું દાન આપ્યું, એ બ્રાહ્મણે એ દાનનો સ્વીકાર તો કર્યો પણ મળેલી ગાયો અન્યને દાન આપી દીધી. જે વેદપાઠીઓને મુદ્રાનું દાન આપ્યું તે એમણે સ્વીકાર્યું તો ખરું પરંતુ તે દાન પછી અન્યને આપી દીધું. બન્યું એવું કે દાન લેનારી વ્યક્તિને દાન લેતા જતી વખતે કેટલીયે ઈચ્છાઓ મનમાં આંટા મારતી હતી. ધન પ્રાપ્તિની પ્રબળ આકાંક્ષા રહેતી હતી. પણ મહારાજ દશરથ પાસેથી દાન લીધા પછી એ જ વ્યક્તિની ઈચ્છા જ આથમી જતી. ધનપ્રાપ્તિની સઘળી મનોકામનાઓ મનમાં આપોઆપ અદશ્ય થઈ જતી હતી. આ દાન ગ્રહણ કરતી વખતે વ્યક્તિમાંથી કૃપણતા ચાલી જતી, લાલચ ભૂલાઈ જતી. ધનપ્રાપ્તિનો ભાવ વિલિન થઈ જતો અને માત્ર ત્યાગની ઈચ્છા પ્રબળ બનતી. સમગ્ર અયોધ્યાના લોકોએ દાન મેળવ્યું. દાન મેળવી પાવન થયા અને એ દાન એમણે અન્ય ને આપી દીધું એમ એ દાન ફરતું ફરતું પુન : મહારાજ દશરથના ચરણમાં આવી ગયું. રાજભંડારમાં પાછું આપ્યું. સાર એ છે કે સામાન્ય દાન પ્રાપ્તિની ઈચ્છાને સંતોષે છે, જયારે દિવ્યદાન ત્યાગની ભાવના પ્રગટાવે છે.

# તૃણમૂલ હવે દેશભરમાં ફેલાશે

**તંત્રીસ્થાનેથી...**

મમતા બેનરજી ભવાનીપુરની એમની પરંપરાગત બેઠક પર ૫૮ હજાર આઠસો કરતાં વધુ વોટના માર્જિનથી જીત્યાં એથી ભાગ્યે જ કોઈને નવાઈ લાગી હશે. મીડિયાએ એમના આ ભવ્ય વિજય કરતાં સુપરસ્ટારના નબીરાના ડ્રગ્સકાંડ પર વધારે ધ્યાન આપ્યું અને વળી ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરી ખાતે થયેલ કમનસીબ ઘટના પણ સતત ચર્ચાતી રહી. મમતાએ જાતે પણ પોતાનો વિજયોત્સવ નહીં ઊજવવાની અપીલ કરી છે. મમતા બેનરજીને બંગાળમાં જ ઊંધે માથે પટકવાના ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્ર સરકારના તમામ ઉધામા નિષ્ફળ ગયા છે. વિધાનસભાની ચૂંટણીમાં એમના જ વિશ્વાસુ સાથીએ એમની વિરુદ્ધ ઉમેદવાર બનાવી મમતા બેનરજીને વખત પૂરતું નીચોજાણું કરાવવામાં મોદી-શાહની જોડી જરૂર સફળ થઈ હતી. પરંતુ મમતાએ એ મુદ્દે પણ અદાલતમાં રાવ નાખી રાખેલી છે. હવે જયારે રવીન્દ્રનાથ - બાંકિમબાબુ - શરદબાબુ તથા અરવિંદ - વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝની ભૂમિએ ભગવાકરણના ઈરાદા સાથે સ્પષ્ટ ચુકાદો આપી જ દીધો છે ત્યારે દેશનો પ્રબુદ્ધ સમુદાય તથા ધર્મને રાજકારણથી વેગળો રાખવાની સ્પષ્ટ લોકતાંત્રિક અને બિનસાંપ્રદાયિક વિચારસરણી ધરાવતો બહોળો જનસામુદાય સ્વાભાવિક રીતે જ આ બંગાળી વાઘણને રાષ્ટ્રીય ફલક પર ઘુરકિયાં કરતી જોવા આતુર છે. વિપક્ષોમાં પરસ્પર ટાંટિયાખેંચ છે અને નેતાઓની મહત્ત્વાકાંક્ષા પણ નવડાની છે. છતાં મમતા બાનોનો રથ દુર્ગાપૂજાના જ શુભ મુહૂર્તમાં ગોવા અને ત્રિપુરા વિજય માટે પ્રસ્થાન કરી રહ્યો છે. અભિષેક બેનરજીએ બાજી ગોઠવી દીધી છે. એમને ગોવામાં પૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી લુઈઝિન્હો ફાલેરિયોનો મજબૂત સહયોગ મળી રહ્યો છે. ત્રિપુરા તો બંગાળી બોલનારો પ્રદેશ છે.ત્યાં તૃણમૂલ કોંગ્રેસને ડાબેરીઓની વોટબેંક અંકે થઈ જાય તો ભારતીય જનતા પાર્ટી માટે પારોઠમાં પગલાં ભરવાની સ્થિતિ સરજાઈ શકે છે. રાષ્ટ્રીય સ્તર પર પ્રાદેશિક પાર્ટીનું પદાર્પણ અઘરું તો છે. વળી એને દરેક સ્તરે રાષ્ટ્રીય પાર્ટી તરીકે વર્ષો સુદી એકચક્રી રાજ કરી ચૂકેલ કોંગ્રેસ જ સૌથી વધારે નડવાની છે. ચૂંટણી સમીકરણોના તજજ્ઞ પ્રશાંત કિશોર પણ અવઢવમાં છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે એમને કૅબિનેટ મંત્રીનો દરજ્જો આપી સલાહકાર તરીકે રોકવાનો આગોતરો પ્રયાસ કરેલો જે એમણે ત્યારે જ નકાર્યો હતો. તેઓ મમતા દીદીના વિશ્વાસુ છે અને એમના વિજયના શિલ્પી પણ ગણી શકાય એવી કામગીરી બજાવી ચૂક્યા છે. પરંતુ અખિલ ભારતીય સ્તરે કોંગ્રેસના પ્રભાવને નજરઅંદાજ કરી શકાય એમ નથી. એની પણ આ વિચક્ષણ ચૂંટણી ગણિતજ્ઞને ખાતરી છે. તેઓ કોંગ્રેસમાં સામેલ થઈ જશે એવી પણ અફવા ચાલી છે. જો એમ થશે તો એમને ચૂંટણી ચહેરો અલબત્ત રાહુલ ગાંધી જ હોવાના. શરદ પવાર એમની વરિષ્ઠતા અને શિવસેના જેવા ભાજપના સૌથી જૂના સાથી પક્ષને કારણે ચિત્રમાં રહ્યા કરે છે. મમતા બેનરજી, રાહુલ ગાંધી અને શરદ પવારની ત્રિપુટી વડાપ્રધાન પદના ઉમેદવારનું નામ પાડ્યા વગર સંગઠન કરીને ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ રણશિંગુ ફૂંકે તો પણ ભાજપ પાસે અગાઉ ઈંદિરા ગાંધી પાસે હતો તે મુદ્દો તો હાથવગો અને હોઠવગો રહેશે જ. મોરારજી દેસાઈ, ચરણસિંહ અને જગજીવનરામની ત્રિપુઠી પર જયપ્રકાશ નારાયણનો પ્રચંડ પડછાયો હતો. શરદ-રાહુલ-મમતા પર એવો કોઈ સમર્થ રાજપુરુષનો પ્રભાવ નથી. ઊલટાની આ ત્રણે પાર્ટીઓ એકમેકને નબળી પાડવા ભદ્દાં નિવેદનો કરતી રહે છે. દાખલા તરીકે મમતા પાસે કોંગ્રેસને સડી ગયેલું અને પ્રજામાનસમાંથી ફેંકાઈ ગયેલું સંગઠન ગણાવવામાં આવેલ છે. વિપક્ષો વચ્ચે કેટલું શાણપણ પ્રવર્તી શકે છે એની પ્રતીતિ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી વખતે થશે અને ત્યારે મમતા બેનરજી એમની ઉંમર, જાતિ (લિંગ) તથા કહેવાતી કાર્યદક્ષતાના બળે કદાચ મોદીનાં સૌથી કટ્ટર અને મજબૂત હરીફ તરીકે રાષ્ટ્રીય સ્તરે ઊભરશે.

# "શબ્દ કા કોઈ માલિક નહીં હોતા, શબ્દ ક્યારેક બને છે - તો ક્યારેક અચાનક ઉદ્‌ભવે છે"

**બ્લેક ટાઈગર**

જનક પટેલ

કોઈ કહે છે મારે રામ બનવું છે
તો કોઈ કહે છે મારે અર્જુન બનવું છે
તો કોઈ કહે છે મારે સુપરસ્ટાર બનવું છે
તો કોઈ - મંદિરમાં જઈ એમ પણ કહે છે
હે ઈશ્વર ! મારે માણસ બનવું છે - અને
મારા સેલફોનની રીંગટોણ દર - કલાકે
બોલે છે : કાલી રે કાલી... જય મા કાલી...

હું સ્વામી વિવેકાનંદનો વિદ્યાર્થી Black Tiger છું.

હું કોની સાથે વાત કરું છું - ખબર છે - હવા-હવાઈ સાથે - ઈશ્વરના અણમોલ સર્જન જંગલમાં વૃક્ષો સાથે - બાકી, તો લગભગ સવારના ૬ થી સાંજના ૬ હું મૌન રહું છું - મારા માટે તે ડબલ સીક્સ (૬૬) નું વ્રત છે. બધાની વચ્ચે રહું છું - કયારેક મૌનવ્રત છોડું છું - પણ સૌથી વધારે હું 'વન' સાથે રહું છું - એનું એક કારણ - કે હું ઔષધીરુપી દવા બનાવું છું - વૈદ્ય છું -

પણ કયારેક મારી પાસે ઉભેલ વ્યક્તિ પ્રેમી રીંગટોણના શબ્દો સાંભળી મને પૂછે છે : What is Black Tiger ત્યારે મારે પેલી લોકવાયકા કહેવી પડે છે : હિમાલયનું એક જંગલ - એક મૌન મહાત્મા, કેટલાક મૌજ-મસ્તીથી સેવા કરતા જંગલના બાળકો અને એક યુવાન સેવક,

એક દિવસ મહાત્માના દર્શને એક પેનનો વેપારી સેવક આવે છે સાથે વિદેશી વ્યક્તિ પણ હોય છે - તે સમયે કોઈ ભગતે ભેટમાં આપેલ સ્વામી વિવેકાનંદના પુસ્તકોની સાપેક્ષમાં વાર્તા લખતો યુવાન વાસણ સાફ કરતો હોય છે. મહેમાન સેવકોને જોઈ આશ્રમની બહાર બાંધેલ Black Dog જોરથી ભસવા લાગે છે ત્રાડ પાડે છે - સિંહ જેવી ત્રાડ સાંભળી વિદેશી વ્યક્તિથી અચાનક બોલાઈ ગયું : વાઉ... Black Tiger.

"જયારે એક શબ્દ અચાનક ઉદ્‌ભવે છે ત્યારે સાંભળનાર વ્યક્તિ બો છે - એક પેનનો વેપારી અને બીજો વાણસ સાફ કરતો પેલો યુવાન - એક વાર્તામાં અટવાયેલો યુવાન." હવે પેનનો વેપારી સંતના દર્શન કરી - ઘરે જઈ પેનની એક બ્રાન્ડનું નામ 'Black Tiger' આપે છે - જયારે પેલો યુવાન - પોતાની કાલ્પનિક વાર્તાના મુખ્યપાત્રને 'Black Tiger' નામ આપે છે. અને તે પાત્ર વ્રતમાં અવાર નવાર બોલે છે : હરદમ બોલે બમ... બમ... આખરી દમ કૈલાસ મેં હમ... કાલી રે કાલી.... જય મા કાલી... હું સ્વામી વિવેકાનંદનો વિદ્યાર્થી 'Black Tiger' છે - પૂછનારને મારે આ લોકવાયકા કહેવી પડે છે - પણ લગભગ કોઈ પૂછતું નથી - છેલ્લે બો યુવાનો અને એક નારી કલેકટરે મને મારું નામ અને 'Black Tiger' વિશે પૂછેલું : ત્યારે મારા વ્રતમાંથી થોડી મિનિટો માઈનસ કરી મેં વાત કરેલી.... એ સંવાદ - મુલાકાત વિશે હું પછી વાત કરીશ.

(નોંધ : સંદર્ભસ્રોત : ગુરુ પ્રકાશ)

# જો બચી શકે તો તે જ બચશે તે જ થોડોક અમથો માણસ

**વિચારયાત્રા**



ડો. જય ઓઝા

એક અગત્યની સૂચના-માણસ ખોવાયો છે.કોઈ શોધી આપોને. આજે માણસનો માણસ પરથી જ વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માનસની ગેર હાજરી જોવા મળે છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં મનુષ્ય પોતે જ એવો તો અટવાયો છે કે હવે આ ચક્રવ્યુહમાંથી બહાર નીકળી શકતો નથી. ચાપલૂસીમાં રત એવો વ્યક્તિ ક્ષણિક સ્વાર્થ માટે કોઈનું બુરું કરતા અચકાતો નથી. સમય પ્રમાણે અને સંજોગોવશાત તેના સિદ્ધાન્તો બદલાય છે.ક્યારેક દંભી બનીને જોરશોરથી જે પ્રામાણિકતાની વાતો કરતો હોય છે તે જ વ્યક્તિ પોતાના સંતાનના માર્કસ વધારવા માટે શિક્ષકના ઘરે જાય છે. નબળા માણસને જોઈને સિંહ જેવો બનીને ત્રાડ પાડનારો વ્યક્તિ પોતાનાથી બળુકાને જોઈને બકરી બની જાય છે,તેની જોહુકમી સહન કરી લે છે.સિંહમાંથી શિયાળ બનતા વાર લાગતી નથી. જે મૂલ્યો નીતિ નિયમો અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો-હા કરી મૂકી હોય તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યક્તિ કોઈ નાનપ અનુભવતો નથી. ગાડી ચલાવતાં ચલાવતાં મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યક્તિને ટ્રાફિક પોલિસ પકડે ત્યારે ૫૦/- આપીને ફરી આગળ વધતો,કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે. ડબલ ઢોલકી માનસિકતાવાળો આજનો વ્યક્તિ એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ-મ્હોરાઓ લઈને ફરે છે,પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે. મૃત્યુ પામતા પહેલા જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જીવે છે. પ્રેમ વફાદારી,ઈમાનદારીની દુનિયાદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેમનો દૂર-દૂર સુધી કોઈ નાતો નથી, પણ હા એકાદ કલાક સુધી પ્રેમ અને વફાદારી ઉપર ભિન્ન ભિન્ન ઉદાહરણ સાથે પ્રવચન આપી શકે છે. જેમને પોતાના ઉપર શ્રદ્ધા નથી તેઓ પ્રવચન આપવામાં એક્કા હોય છે. એક એવા મનુષ્યને મળવું છે જે ભાવના,લાગણી,સંવેદના જેવા વેદિયા લાગતા શબ્દો સાથે જીવતો હોય તેને સમજતો હોય. કમનસીબે અત્યારે પ્રેમ ગણતરીબાજ અને આવશ્યકતા મુજબનો થઈ ગયો છે. પ્રેમના ગણિત મંડાય છે. એક વાત જે પોતાની માટે સાચી હોય તે અન્ય વ્યક્તિ માટે ખોટી બની જાય છે,કારણકે ક્યાક ને ક્યાક ત્યાં તેમનો અહં ઘવાતો હોય છે. અહીં દુશ્મનો અને મિત્રની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે,સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાઈ જાય છે. કાર્યક્રમ કોઈનો પણ હોય ફેસબુક પર પોતાનો ફોટો એવી રીતે પોસ્ટ કરવાનો કે જાણે આખો કાર્યક્રમ તે વ્યક્તિમય હોય. વળી કેટલાંક તો એવા મહાનુભાવ હોય છે કે બીજાના કાર્યક્રમમાં સ્વયં આમંત્રિત બનીને આવનાર મહેમાન પાસે પોતાનું પુસ્તક લઈને પહોંચી જશે અને ફોટો પડાવીને રજૂઆત એવી કરશે કે જાણે સમગ્ર કાર્યક્રમ જ તેમના થકી થયો હોય. ઘડીભર તો બીજા દિવસે મહેમાન પણ ફેસબુક પોતાના ફોટા નવાગંતુક સાથે જોઈને અચંબિત થઈ જાય છે,કે હું કાલે ક્યાં અને કોના કાર્યક્રમમાં ગયો હતો ? સોશ્યલ મિડીયા પર લાઈક્સ મેળવવાં માંગતો લોકપ્રિયતા વાંચ્છતા લોકોને કોણ જાણે કેમ એવું લાગતું હશે કે તેમની આ ઘેલછા કોઈને ધ્યાનમાં નથી આવી!! અને હું હાંસીનું પાત્ર તો બનીશ જ નહીં. જલેબી જેવું વ્યક્તિત્વ ધરાવતા માણસો પોતાના કુંડાળામાં જ અટવાતા રહે છે.

બે મિનિટ પહેલા જ જેની સાથે લળી લળીને વાતો થતી હોય તે જ વાત તેના ગયા પછીની બીજી જ ક્ષણે નિંદામાં પરિણમે છે. આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વાણીવિલાસ વહે રાખે છે. આપણી વાણી અસ્પષ્ટ અને વિચારો કઢંગુ સ્વરુપ ધારણ કરી રહ્યું છે.યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરુરત છે કે નિષ્ફળતા મળી !

અને આપ જાણો છો! આ બધામાં ડરવા જેવું શું છે? ડરવાની વાત એ છે કે હવે આ દંભ, સ્વાર્થ, ચાપલૂસી, ડબલ ઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા ક્યારે શુદ્ધાત્મા પર હાવિ થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સોનાલીટી' ધરાવતો આજનો વ્યક્તિ ખૂબ જ ખતરનાક થઈ ગયો છે. ક્યારે એક વ્યક્તિ તરફ પ્રેમ તો વળી ક્યારેક તે જ વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા. ક્યારે વફાદારી ક્યારેક ગદ્દારી આ બધુ સહજ થઈ ગયું છે.કોઈ ભેદરેખા નથી રહી.બધુ એ હદે મિશ્રિત થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવાનુ આવે તો ગોથે ચડે.માણાસ એટલો પચરંગી બની ગયો છે કે દંભ અને સ્વાર્થની ટેરેટરી ક્યારે ચાલુ થઈ અને પ્રેમ અને સંવેદનાઓની ભાવનાઓ કયારે પાછળ છુટી ગઈ તે ભાન જ નથી રહેતું.

પણ આપણે આશાવાદી રહેવાનું છે.કવિ અશોક વાજપેયીનું પણ એ જ કહેવું છે. તેમની નિમ્ન કવિતા આપણે વાંચીએ સમજીએ અને આચરઈએ પણ ખરા.

જો બચી શકે તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ
જે રોફ સામે નથી કરગરતો
જે ઠગાય છે પણ પ્રેમ કરવાનું મૂકતો નથી
જે દૂધમાં પાણી મેળવતા અચકાય છે.
જે બીજાની ચોપડેલી ખાતા પહેલા બૂજાની સુક્કીનો વિચાર કરે છે.
તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધ પાસે બેસતા નથી કંટાળતો અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો.
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તે જ બચશે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# જે વ્યક્તિ વેઠી શકે છે, એ જ વિકસી શકે છે

**આત્મનાદ**



પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બે એક દસકા પૂર્વેની સત્ય ઘટનાની રસપ્રદ કહાની યાદ આવે છે. મહેસાણાના એક ગામમાંથી અમદાવાદ આવેલો નરેશ નામનો ફુટડો યુવાન પેથોલોજી લેબોરેટરીમાં બ્લડ સેમ્પલ લેવાનું કામ કરે. એક દિવસ સાંજે લેબોરેટરીમાં એનું રૂટીન કામ પૂરું કરીને નરેશ ઈંગ્લીશ સ્પીકિંગ કોર્સની એક પુસ્તિકા રસપૂર્વક વાંચતો હતો. એવામાં જ લેબના માલિક આવી ચડ્યા. ગુસ્સા પૂર્વક માલિક બોલ્યા, 'આ શું વાંચે છે ? મુક, આ બધું સાઈડ ઉપર, તું કાંઈ થોડો ક્લાસ બ્લાસ ખોલવાનો છે ?'

શેઠની આ વર્તણૂંકથી નરેશના યુવાન માનસ ઉપર જબરજસ્ત ઊંડી અસર થઈ. એ દિવસે એનું હૃદય દ્રવી ઉઠ્યું. આંખોમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી. પણ યુવાન નરેશનું મન મજબૂત હતું. એના મગજમાં એના સ્વપ્નાઓ ચટ્ટાનની જેમ સ્થિર હતાં. એ જ દિવસે એણે નક્કી કરી લીધું કે, નજીકના ભવિષ્યમાં એ ક્લાસ ખોલશે. ક્લાસ પણ જેવા તેવા નહીં 'વર્લ્ડ ક્લાસ' શિક્ષણ આપી ગુજરાતના યુવાનોને તૈયાર કરશે. જો કે, બાળપણથી જ નરેશનું એક સપનું હતું કે, અંગ્રેજીના અભાવથી એણે જે તકલીફો સહેવી પડી એવી તકલીફોનો સામનો બીજા યુવાન મિત્રોને ક્યારેય ન કરવો પડે. બે દશક પછી આજે તો વીઆઈપી ક્લાસનું નામ ગુજરાતમાં મોખરે છે. સૌ કોઈ વીઆઈપીને બડા આદરથી જૂએ છે. નરેશભાઈએ ત્રણ લાખ જેટલાં વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કર્યા છે.

નરેશભાઈ પ્રજાપતિએ તાજેતરમાં 'દિવાસ્વપ્ન' ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મની પટકથા, સંવાદ, ગીત અને પરિકલ્પના સ્વયં નરેશભાઈની જ છે. બીજા શબ્દોમાં કહીએ તો 'દિવાસ્વપ્ન' નરેશભાઈના જીવન અનુભવોનું ફિલ્મીકરણ છે. આગામી દિવાળીમાં આ ફિલ્મ ગુજરાતના થિયેટરોના સિલ્વર સ્ક્રીન ઉપર ધુમ મચાવવાની છે. આ ફિલ્મ જોનારને ગુજરાતના મુર્ધન્ય શિક્ષણવિદ અને મુછાળી માના હુલામણા નામથી સુખ્યાત ગિજુભાઈ બધેકાની સુપેરે યાદ આવી જાય. ફિલ્મનું પ્રેરણાસ્રોત પણ ગિજુભાઈ બધેકા જ છે.

દિવાસ્વપ્ન ફિલ્મની વાત ફરી ક્યારેક માંડીશું પણ આજે તો વાત કરવી છે, નરેશભાઈની સ્વપ્નસિદ્ધિની. ગોજારીયા પાસેના ત્રણ ચાર હજાર વસતી ધરાવતા નાનકડા ગામ પઢારીયામાં ધુળાભાઈ પ્રજાપતિ અને કાશીબહેનને ત્યાં પુત્ર અવતર્યો. ધુળાભાઈ ખેતીકામ, કડિયાકામ અને ઈંટો પકવવાનું કામ કરતાં. ધુળાભાઈનો અભ્યાસ ખાસ હતો નહીં એટલે આવા ત્રણેક કામ કરી આજીવિકા રળી લેતા. એ ભણેલા ન હતાં પણ ગણેલા ખૂબ હતાં. એટલે જ કદાચ તેમણે નરેશને ભણાવવામાં કોઈ કસર બાકી રાખી નહતી. ગામના સંપન્ન લોકો પાસેથી ઉધાર પૈસા લઈને પણ ધુળાભાઈએ પોતાના દીકરા નરેશને ભણાવ્યો. ધુળાભાઈના ઘરની આર્થિક પરિસ્થિતિ એટલી નાજુક હતી કે, દર અઠવાડિયે ૨૫૦ થી ૫૦૦ ગ્રામ છૂટક તેલ ખરીદતાં.

દર વર્ષે પિતાજી સાથે નરેશનો આખો પરિવાર અમદાવાદ ઈંટો પકવવાના કામ માટે આવતો. બાળ નરેશ પણ એમની સાથે ઈંટો પકવવાના કામમાં જોડાતો. નરેશ પાંચ વર્ષનો થતાં ધુળાભાઈએ નરેશને પ્રાથમિક શિક્ષણ માટે મામાને ત્યાં ભણવા માટે મૂક્યો. ત્રીજા સુધી મામાના ઘરે રહીને અભ્યાસ કર્યો તે દરમિયાન નરેશમાં પડેલી બૌધિક ક્ષમતાને શિક્ષકોએ પીછાણી લીધી હતી. ભાઈ નરેશ નવમા ધોરણમાં આવ્યો ત્યારે છેક તેમના ઘરે વીજળીનું કનેકશન આવ્યું. એ પહેલાં ફાનસના પ્રકાશમાં નરેશે એનો અભ્યાસ કર્યો. અભાવોમાં પણ બાળ નરેશના મનમાં કંઈક કરી છૂટવાની અજબની તમન્નાના સ્વપ્નાઓની શૃંખલા સતત અવિરત ચાલતી રહેતી.





શાળામાં ફી ભરવાના પૈસાના જ સાંસા હોય ત્યાં પર્સનલ ટ્યુશન કે ક્લાસમાં જવાનો વિચાર ક્યાંથી આવે ? આમ છતાં ધોરણ ૧૨માં નરેશે સારી એવી સફળતા પ્રાપ્ત કરી. એચએસસીની પરીક્ષા આપીને બીજા જ દિવસથી મહેસાણાની સરદાર ડેરીમાં નરેશે નોકરી શરૂ કરી અને આ નોકરી પણ રાતપાળીની. એમાં એનું કામ નીચે ઢોળાઈ ગયેલા દૂધને ફ્લોર ઉપરથી કાથીના કૂચડાથી સાફ કરવાનું હતું. એક દિવસ સુપરવાઈઝરને ખબર પડી કે આ છોકરો એચએસસી સાયન્સ ભણેલો છે. એટલે એમણે એની પીઠ ઉપર હાથ મૂકીને સમજાવ્યો કે, 'બેટા, તું આટલું સરસ ભણ્યો છે તો આવું કામ કરવાને બદલે કોઈ સારી જગ્યાએ કામ શોધે તો સારું.' નરેશના મનમાં સુપરવાઈઝરની આ ટકોર બરાબર બેસી ગઈ.

પછી નરેશ અમદાવાદ આવ્યો. રાણીપમાં એના મોટા બહેનને ત્યાં રોકાયો. ૧૦ બાય ૧૦ની નાનકડી રૂમમાં એના પરિવારના છ સભ્યો રહે. મકાન માલિકના પાંચ સભ્યો મળીને કુલ ૧૧ જણાં વચ્ચે એક ટોયલેટ હતું. અમદાવાદ આવીને એણે સોલા ઓવરબ્રિજ પાસે ચાની લારી શરૂ કરવા માટે એના જીજાજી સાથે પરામર્શ કર્યો. બધું સેટ થઈ ગયું અને ચાની લારી શરૂ કરવાનું નક્કી થયું. પરંતુ એવામાં નરેશના પિતરાઈ ભાઈએ આવીને કહ્યું કે, 'નરેશ તારે પેથોલોજી લેબોરેટરીમાં નોકરી કરવી છે ? તું વિજ્ઞાનનો વિદ્યાર્થી છે તો તને એ ફાવશે.હ્વ નરેશે મનમોન વિચાર્યુ કે ચાની લારી કરતાં પેથોલોજી લેબોરેટરીમાં કામ કરવું સારું. બીજા દિવસે પેથોલોજી લેબોરેટરીમાં જઈને મહિના ૫૦૦ રૂપિયાના પગારથી બ્લડ સેમ્પલ લેવાની નોકરી એણે સ્વીકારી. પણ કુદરતને આ મંજૂર ન હોય તેમ નોકરીના ત્રણ ચાર દિવસ પછી એને ઝેરી મેલેરીયા થયો. નોકરી છોડીને નરેશને ગામડે જવું પડ્યું.

તબીયતમાં સુધારો થતાં ફરી પાછો નરેશ અમદાવાદ આવ્યો અને મનોમન એવું વિચાર્યું કે, લેબોરેટરીમાં ફરી જઈશ તો મને કદાચ નહીં રાખે. એટલે એણે માણેકચોકમાં ચાંદીનું નકશી કામ કરવાની નોકરી શરૂ કરી. થોડા દિવસ બાદ એ તેના લેબોરેટરીના માલિકને કર્ટસી માટે મળવા ગયો ત્યારે એમણે કહ્યું, 'કેમ તું ફરી આવ્યો નહીં ? તારે નોકરી નથી કરવી ?હ્વ નરેશ લેબોરેટરીના માલિકના આ સવાલથી ખૂશ થઈ ગયો. એણે મહિને ૧૧૦૦ રૂપિયાની નોકરી પેથોલોજી લેબોરેટરીમાં સ્વીકારી લીધી.

લેબોરેટરીની નોકરી દરમિયાન જ ભાઈ નરેશે ગુજરાતી ફિલ્મનું એક ટાઈટલ ગીત અને ત્રણ ગુજરાતી ગીતો લખ્યાં. એક દિવસ ઈંગ્લીશ સ્પીકિંગ કોર્સનું પેમ્ફલેટ એના હાથમાં આવી ગયું. એણે પેમ્ફલેટમાં દર્શાવેલી પ્રથમ આવનારા વિદ્યાર્થીને ૫૦ ટકા ફી માફીના ઈનામની વાત અસર કરી ગઈ. એ આ કોર્ષમાં જોડાયો. કોર્ષમાં જોડાતાં પ્રથમ થોડાં મહિના નરેશ બિલકુલ મૌન રહેતો. કારણ એ હતું કે, એની બોલીમાં આવતી મહેસાણાની લઢણથી એની બેચના બીજા વિદ્યાર્થીઓ એની મજાક ઉડાવતા. પરંતુ દ્રઢ મનોબળવાળા નરેશે બેચમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું અને ઈનામ પણ મેળવ્યું. કોર્ષમાં એક દિવસ એક ફેકલ્ટી ન આવતાં કોર્ષના સંચાલકે નરેશને બેચ હેન્ડલ કરવા જણાવ્યું. બેચના વિદ્યાર્થીઓ નરેશ ઉપર આફરીન થઈ ગયા. પછી નરેશની વીઆઈપી ઈંગ્લીશ સ્પીકીંગ ક્લાસની સફર જેટ સ્પીડે આગળ વધી. આમ તો વીઆઈપી એટલે 'વેરી ઈમ્પોર્ટન્ટ પર્સનહ્વ થાય પણ નરેશભાઈએ એનો અર્થ કંઈક આવો કાઢ્યો, 'વેરી ઈમ્પોર્ટન્ટ પ્લેસ ફોર લર્નિંગ ઈંગ્લીશ.હ્વ સમય જતાં આ ક્લાસ ઈન્સ્ટિટ્યૂટમાં પરિણમ્યો. માતા-પિતા અને સાસરી પક્ષની હૂંફથી નરેશભાઈએ એમના સ્વપ્નને સાર્થક કરવાની દિશામાં ઝડપભેર પગરણ માંડ્યા.

હવે આ યુવાનના દિવાસ્વપ્ન સાર્થક થઈ રહ્યાં હતા. એમણે વર્ષ ૨૦૧૯માં કે.ડી. ફિલ્મસ પ્રા. લિ. નામે એક પ્રોડકશન હાઉસ શરૂ કર્યું. જે કંઈ પણ કમાણી થઈ એ તમામ કમાણી નરેશભાઈએ તેમની પ્રથમ ફિલ્મ 'દિવાસ્વપ્ન'ના નિર્માણ કરવામાં રોકાણ કરવાનું મુનાસીબ સમજ્યું. આની પાછળનુ કારણ નરેશભાઈને અર્થ ઉપાર્જન કરતાં યુવાનોને કૌશલ્ય નિર્માણનું સ્વપ્ન સિદ્ધ કરવાનો નિર્ધાર હતો. આ ફિલ્મ તો દિવાળીમાં રીલીઝ થશે પરંતુ સ્ક્રીન પર આવતાં પહેલાં જ દિવાસ્વપ્નને ૪૧ જેટલાં નેશનલ-ઈન્ટરનેશનલ એવોર્ડ મળી ચૂક્યાં છે.

સ્વપ્ન ખૂલી આંખ અને બંધ આંખ એમ બે રીતે જોવાય. ખુલી આંખે જોવાયેલુ સ્વપ્ન એટલે દિવાસ્વપ્ન. દિવાસ્વપ્ન જોનાર વ્યક્તિ સ્વપ્નસિદ્ધિ પહેલાં ઊંઘી શકતો નથી. દિવા સ્વપ્નની સાચી મજા પણ એ જ છે. નરેશભાઈ પ્રજાપતિ ગિજુભાઈ બધેકાની જેમ પરંપરાગત શિક્ષણ કરતાં પ્રયોગાત્મક શિક્ષણને વિશેષ મહત્વ આપે છે. પ્રયોગ જ્યારે અનુભવની એરણ પર ઘડાઈને અમલમાં મૂકાય ત્યારે તે આશીર્વાદરૂપ બની જાય છે. અનુભવોની પાકટભૂમિમાં પાંગરેલા પ્રયોગ પુષ્પો ઉત્તમ પરિણામની ખાતરી આપવા પુરતા છે. સ્વયંનું મૂલ્યાંકન કરતાં વ્યક્તિ જ્યારે શીખી જાય ત્યારે પહાડ જેવા તમામ અંતરાયો તણખલા બની જતાં હોય છે. વ્યક્તિએ સમજવું પડે કે, સંસારની સૌથી મૂલ્યવાન વ્યક્તિ તે સ્વયં છે. જલન માતરીના શબ્દોમાં કહીએ તો, 'રહસ્યોના પડદાં ઉપાડી તો જો, ખૂદા છે કે નહીં એક હાક મારી તો જો, પલાઠી વાળીને બેસી ના રહે તું મુઠ્ઠીઓ વાળીને ભાગી તો જો.હ્વ નરેશભાઈની જેમ મુઠ્ઠી વાળીને રીતસર દોડવું પડે. કાલે કરશું, કાલે કરશું એવા અંદાજમાં આજે જોયેલા સ્વપ્ન પણ હાથથી સરી જાય છે. ભૂતકાળ અને ભવિષ્યકાળની ચિંતામાં હંમેશાં વર્તમાનના સપના રોળાઈ જતાં હોય છે.

**ધબકાર :**

**જે વ્યક્તિ વેઠી શકે છે, એ જ વિકસી શકે છે.**